**કલેઈમ પરચુરણ (પેમેન્ટ અરજી) અરજી નં. 60/2026 ના કામે આંક–૧ તળેનો હુકમ... (કલેઈમ કેસ નં . ૧૧૩/૨૦૧૨)**

આ કામમાં અરજદારની અરજી તથા તે સાથેના દસ્તાવેજી પુરાવા લીસ્ટમાં રહેલ મૂળ કલેઈમ કેસ નં. ૧૧૩/૨૦૧૨ નું કામ ગઈ તા. ૧૭–૭–૨૦૨૩ ના રોજ ફેસલ થતાં જે કલેઈમના કામની એવોર્ડની ખરી નકલ અરજીના કામે દસ્તાવેજી પુરાવાથી રજુ થતાં, તે વંચાણે લીધા. જયારે હાલની પેમેન્ટ અરજી દાખલ થતાં, જે તા. ૨૮–૨–૨૦૨૬ રોજ રજીસ્ટરે લેવામાં આવેલ છે. અને સદર અરજી રજીસ્ટરે લીધા બાદ સદરહું અરજીના કામે એવોર્ડ મુજબની રકમ જમા લીધા સબંધે નાઝીરશ્રી ડિસ્ટ્રીકટ કોર્ટ, પોરબંદરનો તા.૨૦–૩–૨૦૨૬ ના રોજનો શેરો વંચાણે લેતા અને નાઝીરશ્રી ધ્વારા અરજીના કામે હિસાબી કામકાજને લગતા દસ્તાવેજી પુરાવા વંચાણે લીધેલ. સદરહું કલેઈમ અરજીના કામે સબંધીત વિમા કંપનીના વિ.વકીલશ્રી ધ્વારા કલેઈમના કામે વળતરની રકમ અરજદારને ચુકવવા સામે વાંધો ન હોવાનું આંક–૧ તળે શેરો કરી જાહેર કરેલ હોય, તેમજ હાલના કામે એવોર્ડ સામે નામદાર ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ખાતે આર/એફ.એ/૯૦૪/૨૦૨૪ થી અપીલ પેન્ડીગ હોય તે અન્વયે એડી. ડીસ્ટ્રીકટ કોર્ટના બેન્ચ કલાર્કશ્રીનો શેરો વંચાણે લીધો. નામ. ગુજરાત હાઈકોર્ટના આર/એફ.એ/૯૦૪/૨૦૨૪ માં આપવામાં આવેલ ડાયરેકશન મુજબ ઉપરોકત હકીકતે હાલના કામના અરજદારોને કલેઈમ કેસ નં. ૧૧૩/૨૦૧૩ ના એવોર્ડ મુજબની રકમ ચુકવવાનો આથી હુકમ કરવામાં આવે છે.

| ક્રમ | રકમ રૂા.–પૈસા. | ચુકવણીની વિગત. |
|---|---|---|
| 1. | 30,900=00 | કોર્ટ ફ્રી |
| 2. | **28,42,293=00** | જમા થયેલ રકમ પૈકી અરજદાર નં. ૧ ને મળવાપાત્ર રકમ ૫૦ % પૈકીની ૭૦ % ની રકમ નામ. ગુજરાત હાઈકોર્ટના આર/એફ.એ/૯૦૪/૨૦૨૪ ના કામે આપવામાં આવેલ ડાયરેકશન મુજબ નાઝીરશ્રી, જીલ્લા અદાલત પોરબંદરના નામની ફિકસ્ડ ડિપોઝીટ રસીદ પાંચ વર્ષના સમયગાળા માટે કોઈપણ રાષ્ટ્રીયકૃત બેન્કમાં જમા રાખવી અને ત્યારબાદ વખતો વખત રીન્યુ કરવી. |

| | | |
|---|---|---|
| 3. | 12,18,125=00 | જમા થયેલ રકમ પૈકી અરજદાર નં. ૧ ને મળવાપાત્ર રકમ ૫૦ % પૈકીની ૩૦ % ની રકમ નામ. ગુજરાત હાઈકોર્ટના આર/એફ.એ/૯૦૪/૨૦૨૪ ના કામે આપવામાં આવેલ ડાયરેકશન મુજબ હાલની અરજીના અરજદાર નં. ૧ સુમરીબેન વા/ઓ. લખમણભાઈ રામભાઈ મોઢવાડીયાને એકાઉન્ટ પે ચેકથી ઓળખ અંગેની ખરાઈ કરી ચુકવી આપવા. |
| 4. | 14,21,146=00 | જમા થયેલ રકમ પૈકી અરજદાર નં. ૨ ને મળવાપાત્ર રકમ ૨૫ % પૈકીની ૭૦ % ની રકમ નામ. ગુજરાત હાઈકોર્ટના આર/એફ.એ/૯૦૪/૨૦૨૪ ના કામે આપવામાં આવેલ ડાયરેકશન મુજબ નાઝીરશ્રી, જીલ્લા અદાલત પોરબંદરના નામની ફિક્સ્ડ ડિપોજીટ રસીદ પાંચ વર્ષના સમયગાળા માટે કોઈપણ રાષ્ટ્રીયકૃત બેન્કમાં જમા રાખવી અને ત્યારબાદ વખતો વખત રીન્યુ કરવી. |
| 5. | 6,09,063=00 | જમા થયેલ રકમ પૈકી અરજદાર નં. ૨ ને મળવાપાત્ર રકમ ૨૫ % પૈકીની ૩૦ % ની રકમ નામ. ગુજરાત હાઈકોર્ટના આર/એફ.એ/૯૦૪/૨૦૨૪ ના કામે આપવામાં આવેલ ડાયરેકશન મુજબ હાલની અરજીના અરજદાર નં. ૨ દિલીપ લખમણભાઈ મોઢવાડીયાને એકાઉન્ટ પે ચેકથી ઓળખ અંગેની ખરાઈ કરી ચુકવી આપવા. |
| 6. | 14,21,147=00 | જમા થયેલ રકમ પૈકી અરજદાર નં. ૩ ને મળવાપાત્ર રકમ ૨૫ % પૈકીની ૭૦ % ની રકમ નામ. ગુજરાત હાઈકોર્ટના આર/એફ.એ/૯૦૪/૨૦૨૪ ના કામે આપવામાં આવેલ ડાયરેકશન મુજબ નાઝીરશ્રી, જીલ્લા અદાલત પોરબંદરના નામની ફિક્સ્ડ ડિપોજીટ રસીદ પાંચ વર્ષના સમયગાળા માટે કોઈપણ રાષ્ટ્રીયકૃત બેન્કમાં જમા રાખવી અને ત્યારબાદ વખતો વખત રીન્યુ કરવી. |

| | | |
|---|---|---|
| 7. | **6,09,063=00** | જમા થયેલ રકમ પૈકી  અરજદાર નં. ૩ ને મળવાપાત્ર રકમ ૨૫ % પૈકીની ૩૦ % ની રકમ નામ. ગુજરાત હાઈકોર્ટના આર/એફ.એ/૯૦૪/૨૦૨૪ ના કામે આપવામાં આવેલ ડાયરેકશન મુજબ હાલની અરજીના  અરજદાર નં. ૩ કિરીટભાઈ લખમણભાઈ મોઢ વાડીયાને એકાઉન્ટ પે ચેકથી ઓળખ અંગેની ખરાઈ કરી ચુકવી આપવા. |
| | **81,51,737=00** | **(અંકે રૂપીયા એકયાસી લાખ એકાવન હજાર સાતસો સાડત્રીસ પુરા)** |

હુકમની જાણ નાઝીરશ્રીને કરવી.

તા. ૦૩/૦૪/૨૦૨૬.
મું. પોરબંદર.

(પી. એચ. શર્મા)
મોટર એકસી. કલેઈમ ટ્રિબ્યુનલ (ઓકજી.) અને
એડિશનલ ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ
પોરબંદર.